# રાજ્યમાં ભીષણ ગરમી

અમદાવાદ, તા.૨૬

અમદાવાદ સહિત ગુજરાતના મોટાભાગના વિસ્તારોમાં આજે ભીષણ ગરમીનો અનુભવ ફરી એકવાર થયો હતો. આગઝરતી ગરમીના કારણે આજે લોકો ત્રાહિમામ પોકારી ગયા હતા. લોકોની ચામડી દાઝી જવા જેવો અનુભવ આજે બપોરના ગાળામાં થયો હતો. કંડલા એરપોર્ટ ખાતે પારો ૪૫થી પણ ઉપર પહોંચ્યો હતો. આ ઉપરાંત સુરેન્દ્રનગરમાં પણ પારો ૪૫થી ઉપર પહોંચ્યો હતો. આજે રાજ્યના જે વિસ્તારમાં પારો ૪૪થી પણ ઉપર પહોંચી ગયો હતો તેમાં ડીસામાં ૪૪.૨, ગાંધીનગરમાં ૪૪, અમરેલીમાં ૪૪.૩ અને કંડલા એરપોર્ટ ખાતે ૪૫.૩નો સમાવેશ થાય છે. આ ઉપરાંત અમદાવાદમાં મહત્તમ તાપમાન ૪૩.૫ ડિગ્રી નોંધાયું હતું. હીટવેવની ચેતવણી આગામી બે દિવસ માટે જારી કરવામાં આવ્યા બાદ તંત્ર સાબદુ થઈ ગયું છે. આવતીકાલે અમદાવાદમાં મહત્તમ તાપમાન ૪૪ની આસપાસ રહી શકે છે. ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રમાં પણ આજે તીવ્ર ગરમીનો અનુભવ થયો હતો. બપોરે ગરમ હવાના કારણે લોકો ત્રાહિમામ પોકારી ગયા હતા. હવામાન વિભાગ તરફથી આગામી બે દિવસ માટે હિટવેવને લઈને ચેતવણી જારી કરવામાં આવી છે. ગરમીના કારણે ઈન્ફેકશનની શક્યતા પણ દેખાઈ રહી છે. તંત્ર તરફથી પણ બિનજરૂરી રીતે લોકોને બહાર ન નિકળવા માટે સૂચના આપી દેવામાં આવી છે. વધુ પ્રમાણમાં પાણી પીવાની સલાહ આપવામાં આવી રહી છે. બીજી બાજુ બહારની ચીજવસ્તુઓને ટાળવા માટે પણ તબીબોની સૂચના છે. તીવ્ર હિટવેવ કચ્છના જુદા જુદા ભાગોમાં જોવા મળી શકે છે. ઉત્તર ગુજરાતમાં પણ આવી જ સ્થિતિ રહી શકે છે. સૌરાષ્ટ્રના જુદા જુદા ભાગોમાં પણ કાળઝાળ ગરમીનું મોજુ ફરી વળ્યું છે. આગામી ચાર દિવસ માટે હિટવેવની ચેતવણી પણ જારી કરવામાં આવી છે. બપોરના ગાળામાં લોકોએ આગઝરતી ગરમીનો અનુભવ કર્યો હતો. રસ્તાઓ સુમસામ દેખાયા હતા. બપોરના ગાળામાં આગઝરતી ગરમીનો અનુભવ કર્યો હતો. અમદાવાદમાં બપોરના ગાળામાં ભરચક રહેતા વિસ્તારો પણ સુમસામ દેખાતા હતા. લોકોએ બપોરના ગાળામાં બહાર નિકળવાનું ટાળ્યું હતું. તબીબો પણ વધુ પ્રમાણમાં પાણીનો ઉપયોગ કરવાની સલાહ આપી રહ્યા છે. અમદાવાદ શહેરના જુદા જુદા વિસ્તારમાં બપોરના ગાળામાં જનજીવન સંપૂર્ણપણે ખોરવાયેલું રહ્યું હતું. લોકોએ બહાર નિકળવાનું ટાળ્યું છે. વધતી જતી ગરમીના કારણે લોકો હવે વધુમાં વધુ સાવધાન થયા છે અને બપોરના ગાળામાં બહાર નીકળવાનું ટાળી રહ્યા છે. વધતી ગરમી વચ્ચે પાણીજન્ય કેસની વાત કરવામાં આવે તો મે મહિનામાં ૧૯ દિવસના ગાળામાં જ ઝાડા ઉલ્ટીના ૭૪૩ કેસ સપાટી ઉપર આવ્યા છે જ્યારે કમળાના ૧૯ જ દિવસમાં ૧૭૩ અને ટાઈફોઈડના ૨૦૪ કેસ સપાટી ઉપર આવ્યા છે. બીજી બાજુ મચ્છરજન્ય કેસોની વાત કરવામાં આવે તો સાદા મેલેરિયાના ૧૯ દિવસના ગાળામાં ૨૭૬ કેસ નોંધાયા છે. વર્ષ ૨૦૧૭માં મે મહિનામાં ૧૧૦૦ કેસ સાદા મેલેરિયાના નોંધાયા હતા. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા લોકોને રાહત આપવા માટે જુદા જુદા વિસ્તારમાં પાણીની વિશેષ વ્યવસ્થા પણ કરવામાં આવી છે. આગામી બે ત્રણ દિવસ દરમિયાન ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્રના જુદા જુદા ભાગો, દક્ષિણ ગુજરાત અને કચ્છ, સૌરાષ્ટ્રમાં પારો ૪૧થી ૪૪ ડિગ્રીની વચ્ચે રહી શકે છે.

### રાજ્યમાં ક્યાં કેટલું તાપમાન ?

| | |
|---|---|
| અમદાવાદ | ૪૩.૫ |
| ડીસા | ૪૪.૨ |
| ગાંધીનગર | ૪૪ |
| વીવીનગર | ૪૩.૧ |
| વડોદરા | ૪૩ |
| સુરત | ૪૦.૪ |
| વલસાડ | ૩૬.૪ |
| અમરેલી | ૪૪.૩ |
| ભાવનગર | ૪૧.૩ |
| રાજકોટ | ૪૩.૩ |
| સુરેન્દ્રનગર | ૪૫ |
| ભુજ | ૪૨.૩ |
| નલિયા | ૩૬ |
| કંડલા એરપોર્ટ | ૪૫.૩ |
| કંડલા પોર્ટ | ૩૮.૫ |
| મહુવા | ૪૧.૪ |

# પંજાબ હ્યુન્ડાઈ ખાતે નવી કારનું લૉન્ચિંગ



શહેરના જાણીતા કાર શો રૂમ પંજાબ હ્યુન્ડાઈમાં કારના અદ્યતન મૉડેલ 'એલિટ આઈ-૨૦'નું લૉન્ચિંગ કરવામાં આવ્યું હતું. કંપનીના અધિકારીઓ આ પ્રસંગે શો-રૂમ ખાતે ઉપસ્થિત રહ્યા હતા.

# વૈષ્ણોદેવી સર્કલ નજીક એક કરોડથી વધુનો જથ્થો કબજે

અમદાવાદ,તા. ૨૬

એનસીબી(નાર્કોટીક્સ કંટ્રોલ બ્યુરો) દ્વારા શહેરના વૈષ્ણોદેવી સર્કલ પાસેથી ૧૦ કિલો ચરસના જથ્થા સાથે બે શખ્સની ધરપકડ કરવામાં આવતાં ભારે ચકચાર મચી ગઈ હતી. બંને આરોપીઓ પાસેથી પકડાયેલ ચરસના જથ્થાની કિંમત એક કરોડ રૂપિયાથી વધુની થવા જાય છે, તેથી એનસીબીના અધિકારીઓ પણ ચરસનો આટલો મોટો જથ્થો જોઈ ચોંકી ઉઠયા હતા. એનસીબીએ બંને આરોપીઓ સામે એનડીપીએસ એકટ હેઠળ જરૂરી ગુનો નોંધી સમગ્ર કેસમાં વધુ તપાસ હાથ ધરી છે.

એનસીબીના અધિકારીઓએ અગાઉથી મળેલી ચોક્કસ બાતમીના આધારે, શહેરના વૈષ્ણોદેવી સર્કલ પાસેથી આજે જેકે-૧૩ ડી-૫૪૨૨ નંબરની ટ્રકને આંતરી તેની જડતી લીધી હતી. ટ્રકમાંથી એનસીબીના અધિકારીઓએ એક કરોડ રૂપિયાથી વધુની કિંમતનો ચરસનો મોટો જથ્થો ઝડપી પાડયો હતો. એનસીબીએ આરોપી મુશ્તાક બટ અને સોહેલ અહમદ ગની નામના આ બન્ને આરોપીઓને ઝડપી લીધા હતા. પ્રાથમિક પૂછપરછમાં માહિતી જાણવા મળી હતી કે, બંને શખ્સો ચરસનો આ જથ્થો કાશ્મીરથી લઈને આવ્યા હતા અને ગુજરાતમાં ચોક્કસ સ્થળોએ સપ્લાય કરવાના હતા. પકડાયેલા બંને શખ્સો જમ્મુ-કાશ્મીરના શોપીયાંના રહેવાસી છે. તેઓને ડિલીવરી કરવા માટે રૂ.૫૦ હજારની માતબર રકમ ચૂકવાઈ હતી. એનસીબીના અધિકારીઓએ આ સમગ્ર પ્રકરણમાં ચરસનો આટલો મોટો જથ્થો કોના કહેવાથી ગુજરાતમાં સપ્લાય કરાયો હતો, આ ચરસ કોને કોને ડિલીવરી કરવાનું હતુ અને ચરસની હેરાફેરીના સમગ્ર પ્રકરણમાં કોણ કોણ સંડોવાયેલું છે તે સહિતની બાબતોની ઝીણવટભરી તપાસ હાથ ધરી છે. આરોપી મુશ્તાક બટ્ આ પહેલા પણ ચરસની ડિલવરી કરવા માટે ગુજરાત આવી ચૂક્યો હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી હોઈ એનસીબીના અધિકારીઓએ તે દિશામાં પણ તપાસના ચક્રો ગતિમાન કર્યા છે. જો કે, શહેરના વૈષ્ણોદેવી સર્કલ વિસ્તારમાં ચરસનો આટલો મોટો જથ્થો મળતાં સમગ્ર વિસ્તારમાં ભારે ચકચાર મચી ગઈ હતી.

# નગરના સુકેતુ મહેતા દ્વારા ૧૩૫મી વાર રક્તદાન



નગરના જાણીતા સમાજસેવક અને રક્તદાતા સુકેતુ મહેતાએ પુનઃ એકવાર રક્તદાન કરી અન્યો માટે પ્રેરણાદાયક કાર્ય કર્યું છે. ઉલ્લેખનીય છે કે આ રક્તદાન સાથે સુકેતુ મહેતાનો રક્તદાનનો આંક ૧૩૫ સુધી પહોંચ્યો છે.

# બાખોર હુંજ પાસેથી ૩૬ હજારની બીયર પકડાઈ

હિંમતનગર, તા. ૨૬

હિંમતનગર તાલુકાના બાખોર હુંજ પાસેથી શનિવારે એલસીબીએ બાતમીને આધારે એક કારની ઝડતી લઈને તેમાંથી અંદાજે રૂ. ૩૬ હજારની કિંમતના ૨૮૮ બીયરના ટીન તથા કાર મળી રૂ. ૧.૩૬ લાખનો મુદ્દામાલ કબ્જે લઈ એક શખ્સ વિરૂદ્ધ ગાંભોઈ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવાઈ હતી.

આ અંગે એલસીબીના સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ શુક્રવારે રાજસ્થાનમાંથી પાસ પરમીટ વિના ગુજરાતમાં ગેરકાયદેસર દારૂ અને બીયરનો જથ્થો ઘુસાડાઈ રહ્યો છે તે આધારે એલસીબીનો બાતમી મળતા ગાંભોઈ પંથકમાં આવેલ બાખોર હુંજ રોડ પર થઈને પસાર થતા વાહનોનું ચેકીંગ શરૂ કરવામાં આવ્યુ હતુ. દરમ્યાન અહિંથી પસાર થતી કાર નં. જીજે.૧.બીકે. ૨૭૯૨ને ઉભી રખાવી તેની તલાશી લેતા તેમાંથી પાસ પરમીટ વિનાની ૧૨ પેટીમાં ભરેલ રૂ. ૩૬ હજારની કિંમતના બીયરના ૨૮૮ ટીન મળી આવ્યા હતા. જે આધારે પોલીસે કારના ચાલકની પુછપરછ કરતા તેણે આ બીયરનો જથ્થો અમદાવાદના છારાનગરમાં રહેતા મનોજ સીંધીને પહોંચાડવાનો હોવાનું જણાવ્યું હતું. ઉપરાંત તેની પાસે કોઈ પરમીટ ન હોવાને કારણે એલસીબીએ કાર અને બીયરનો જથ્થો મળી રૂ. ૧.૩૬ લાખનો મુદ્દામાલ કબ્જે લઈ એક જણા વિરૂદ્ધ ગાંભોઈ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવાઈ હતી.

# દહેગામ-મોડાસા રોડ પરથી દારૂનો જથ્થો ભરેલી કાર ઝડપાઈ



## રખિયાલ પોલીસે આઈ-૧૦ કારનો પીછો કરી એક શખ્સને પકડયો : રૂ. ૨.૭૬ લાખનો મુદ્દામાલ જપ્ત

ગાંધીનગર, તા.૨૬

રખિયાલ પીએસઆઈ વી.બી. દેસાઈ તથા તેમની ટીમે બાતમી આધારે દહેગામ-મોડાસા રોડ ઉપર ભાદરોડા ચોકડી પાસે વૉચ ગોઠવી હતી.

બાતમીવાળી જીજે ૦૧ આર.એન. ૫૯૬૦ નંબરની આઈ-૧૦ ગાડી ત્યાંથી પસાર થતા પોલીસે તેને ઉભી રાખવા ઈશારો કર્યો હતો.

ડ્રાઈવરે કાર ભગાડી મુકતા તેનો પીછો કરી પોલીસે ગાડી સાથે નરોડા પાટીયા રોડ પર રહેતા શરદ શંકર બજરંગીને પકડી પાડયો હતો. ગાડીમાંથી ૧૩ પેટી વિદેશી દારૂની કવાર્ટર બોટલો તથા ૧૩૧ નંગ બિયરના ટીનનો જથ્થો મળી આવ્યો હતો. રખિયાલ પોલીસે રૂ. ૨.૭૬ લાખનો મુદ્દામાલ જપ્ત કરી આરોપીની ધરપકડ કરી માલ કયાંથી લાવ્યો હતો અને કયાં લઈ જવાતો હતો તેની તપાસ શરુ કરી છે.

## ઉત્તર પ્રશ્ચિમ અને દક્ષિણ પૂર્વ ભારતના કેટલાક ભાગમાં દુષ્કાળની અસર વર્તાઈ શકે

# દેશના કેટલાક વિસ્તારોમાં દુષ્કાળની શક્યતા

### ઉત્તરપૂર્વ ભારતમાં ઓછો વરસાદ થઈ શકે છે : ઓગસ્ટમાં જુલાઈ કરતાં પણ ઓછો વરસાદ થઈ શકે છે

અમદાવાદ,તા. ૨૬

ભીષણ ગરમીથી ત્રાહીમામ પોકારી ગયેલા દેશવાસીઓ અને ખાસ કરીને ખેડૂતો માટે સારા સમાચરા છે. આ વખતે ચોમાસુ થોડું વહેલું આવી શકે છે. ભારતીય હવામાન ખાતાના જણાવ્યા અનુસાર દક્ષિણપશ્ચિમ ચોમાસુ સક્રિય થઈને શુક્રવારે દક્ષિણ અંદમાનના દરિયામાં પહોંચી ગયું છે. જે આગામી ૪ દિવસમાં કેરળથી ભારતમાં પ્રવેશ કરે તેવી પૂરી શક્યતા છે. જો આ પૂર્વાનુમાન મુજબ ચોમાસુ ચાલશે તો આ વખતે ભારતમાં તેની પોતાની નિશ્ચિત તારીખ કરતા વહેલું ચોમાસુ બેસી જશે.

હવામાન ખાતાના અનુમાન મુજબ આગામી મહિનાની શરુઆતથી જ દક્ષિણ ભારતના અનેક વિસ્તારોમાં ઝરમર વરસાદ શરુ થઈ શકે છે. તો કેટલીક પ્રાઈવેટ એજન્સીઓએ ચેતવણી આપતા કહ્યું કે , આ સાથે જ દેશના અનેક વિસ્તારોમાં આ ચોમાસુ દુષ્કાળગ્રસ્ત પણ રહેશે. તો કેટલાક વિસ્તારોમાં અતિવૃષ્ટીની પણ આશંકા સેવાઈ રહી છે. તો ખાસ કરીને ખેતીપ્રધાન દેશ તરીકે ભારતમાં ખેતીની દ્રષ્ટીએ જુલાઈ અને ઓગસ્ટ મહિનામાં ખતરો વધારે છે.

જોકે પ્રાઈવેટ ફોરકાસ્ટ એજન્સીઓના વરતારાને હાલ વહેલો હોવાનું જણાવતા IMD નિર્દેશક ડી.એસ. પઈનું કહેવું છે કે, વરસાદ દેશના અલગ અલગ વિભાગોમાં કેવો રહેશે તે કહેવું અત્યારથી વહેલું ગણાશે. જ્યારે અમેરિકા સ્થિત કોમર્શિયલ ફોરકાસ્ટ એજન્સી એક્યુવેધરે કહ્યું કે, 'મીડ સીઝન અનિયમિત વરસાદના કારણે દુષ્કાળ અને પૂરની આશંકા છે. અમને આશા ચે કે દક્ષિણપશ્ચિમ વરસાદ જુલાઈ અને ઓગસ્ટમાં વધુ અસ્થિર રહેશે.'

એજન્સીનું માનીએ તો ઉત્તરપશ્ચિમ અને દક્ષિણપૂર્વ ભારતના કેટલાક વિસ્તારોમાં આ વર્ષે દુષ્કાળની સ્થિતિ સર્જાઈ શકે છે. તો બીજી તરફ એક્યુવેધરના સૂરમાં સૂર પૂરાવતા પ્રાઈવેટ ફોરકાસ્ટ એજન્સી સ્કાઈમેટે પણ અસમાન વરસાદની ભવિષ્યવાણી કરી છે. તેમના મુજબ પણ ઉત્તરપૂર્વ ભારતમાં ઓછો વરસાદ થઈ શકે છે. ઓગસ્ટમાં જુલાઈ કરતા પણ ઓછો વરસાદ થઈ થશે છે. સ્કાઈમેટના સીઈઓ જતિન સિંહે કહ્યું કે, આ ચોમાસાની શરુઆતથી જ મુંબઈમાં ભારે વરસાદની શક્યતા છે. તેવામાં મુંબઈગરાઓને તેઓ સાવધાન રહેવાની સલાહ આપે છે. આગામી ૬-૯ જૂન સુધી મુંબઈમાં ભારી વરસાદ થઈ શકે તેવું સ્કાઈમેટનું માનવું છે.

તમને જણાવી દઈએ કે ભારતના વાર્ષીક વરસાદમાં ૭૩% વરસાદ આ ચોમાસા દરમિયાન આવે છે. સામાન્ય રીતે ૧ જૂને કેરળમાં ચોમાસુ બેસે છે. પરંતુ આ વખતે ત્રણ દિવસ વહેલું બેસે તેવી શક્યતા છે. ભારતની અર્થવ્યવસ્થા માટે ચોમાસુ ખૂબ જ મહત્વપૂર્ણ છે. જેની સીધી અસર ખેતી અને કેડૂત પર છે. ત્યારે આ વખતે રાજસ્થાન, મધ્યપ્રદેશ અને છત્તીસગઢમાં વિધાનસભા ચૂંટણી પણ છે જે મતદાતાને પ્રભાવિત કરવા માટે મોટી ભૂમિકા નિભાવી શકે છે.

## કમિટમેન્ટવાળી

● અનુસંધાન પહેલાનું ચાલુ

કરવામાં અમે સફળ રહીએ છીએ. તેમણે ઉમેર્યું હતું કે અમે જનતાનો વિશ્વાસ અને જનતાના મત બંને જીતી ચુક્યા છીએ. જનતાનો વિશ્વાસ અને જનતાના મત જીત્યા બાદ છેલ્લા ચાર વર્ષના ગાળામાં પાંચ રાજ્યોથી વધીને અમારી સરકાર ૨૦ રાજ્યોમાં પહોંચી છે. દેશભરમાં ભાજપના આજે ૧૫૦૦ થી પણ વધારે ધારાસભ્યો છે. તેમણે ઉમેર્યું હતું કે સ્થાનિક એકમોથી લઈને ટોપ લેવલ સુધી અમારા જન પ્રતિનિધિ સેવામાં જોડાયેલા છે. તેમણે ઉમેર્યું હતું કે છેલ્લા ચાર વર્ષમાં ભાજપ યોગ્ય રીતે જ પંચાયતથી લઈને સંસદ સુધીની પાર્ટી બની ચુકી છે. અમને જનતાનો જે આશિર્વાદ મળ્યો છે તે અમારા કોઈ દળ અથવા તો કોઈ નેતાની જીત નથી. આ જનતાના વિશ્વાસની જીત છે. એવી માતાઓનો આશિર્વાદ છે જેમને ઉજ્જવલા યોજનાથી ધુમાડાથી મુક્તિ અમે અપાવી છે. આ એવી પુત્રીઓની ખુશી છે જેમની સુરક્ષા અને શિક્ષણ ઉપર અમે ભાર મુકી રહ્યા છીએ. એવા અન્નદાતાઓના આશિર્વાદ છે જેમના હિતોની સુરક્ષા અમે કરી રહ્યા છીએ. મોદીએ ઉમેર્યું હતું કે ચાર વર્ષથી દેશના લોકોમાં આ વિશ્વાસ જગાવવા માટે દિન રાત અમે એક કરી દીધા છે. અમે એવો વિશ્વાસ જગાવ્યો છે કે સ્થિતિઓને બદલી શકાય છે. દેશ હવે નિરાશાથી આશા તરફ કુશાસનથી સુસાશન તરફ, કાળા ધનથી જનધનની તરફ આગળ વધી રહ્યો છે. કામાખ્યા, કન્યાકુમારી, બલિયા, બીદર, બાડમેર સુધી આ સરકાર સબસા સાથ સબકા વિકાસ માટે કામ કરી રહી છે. આ એ એનડીએ સરકાર છે જેના માટે ગરીબોના પરસેવા ગંગા યમુના અને નર્મદાના જળની જેમ પવિત્ર છે. ૪૫,૦૦૦ કરોડ રૂપિયાની બિનહિસાબી આવકને પકડી પાડવામાં આવી છે. જ્યારે કમિટમેન્ટવાળી સરકાર ચાલે છે ત્યારે કાળા ધન અને ભ્રષ્ટાચાર સામેની લડાઈ જીતી શકાય છે. અમારી સરકાર કાળા નાણાં અને ભ્રષ્ટાચારની સામે જે રીતે લડાઈ લડી રહી છે તેના કારણે કટ્ટર દુશ્મનો પણ આજે મિત્ર બની ગયા છે. આ બાબત જનતા નિહાળી રહી છે. બેનામી સંપત્તિ અમલી થયા બાદ ૩૫૦૦ કરોડ રૂપિયાની સંપત્તિ જપ્ત કરવામાં આવી ચુકી છે. પહેલા એમ માનવામાં આવતું હતું કે મોટા લોકોનું કઈ થતું નથી પરંતુ આજે ચાર પૂર્વ મુખ્યમંત્રી જેલની હવા ખાઈ રહ્યા છે. અમે અનેક યોજનાઓ સાથે આગળ વધી રહ્યા છીએ. જનધન, આધાર અને મોબાઈલ મારફતે ૮૦,૦૦૦ કરોડ રૂપિયા ખોટા હાથે જ જવાથી રોકી લેવામાં આવ્યા છે.

આગામી વર્ષે જ્યારે અનેક સિદ્ધિઓ હાંસલ થશે ત્યારે બીજા અનેક લાભ લોકો સુધી પહોંચશે. છેલ્લા ચાર વર્ષના ગાળામાં ૧૦ કરોડથી વધુ લોકોને અમારી સરકાર ગેસ કનેકશન આપી ચુકી છે.

આ પહેલા ૬૦ વર્ષમાં માત્ર ૧૩ કરોડ લોકો પાસે ગેસ કનેકશન હતા. મોદીએ ઉમેર્યું હતું કે ૨૦૧૪ સુધી દેશમાં ૫૦ ટકા ગામોમાં માર્ગ હતા. માર્ચ સુધી આ આંકડો ૮૫ ટકા સુધી પહોંચ્યો છે.

## ફાઈનલ જંગ

● અનુસંધાન પહેલાનું ચાલુ

ત્યારબાદ તે ક્વાલિફાયરમાં હારી ગઈ હતી.

જો કે બીજી ક્વાલિફાયર મેચમાં સનરાઈઝ હેદરાબાદની ટીમે ગઈકાલે કોલકત્તા નાઈટ રાઈડર્સ પર ૧૪ રને જીત મેળવી હતી. આની સાથે જે તેની ફાઈનલમાં એન્ટ્રી થઈ હતી. મહેન્દ્ર સિંહ ધોનીના નેતૃત્વમાં આ ટીમમાં સુરેશ રૈના, ધોની પોતે અને બ્રાવો તેમજ શેન વોટ્સન જોરદાર ફોર્મમાં ચાલી રહ્યા છે.તેમની વચ્ચે રમાયેલી છેલ્લી મેચમાં સનરાઈઝની ચેન્નાઈની સામે હાર થઈ હતી. હવે સનરાઈઝ બદલો લેવા માટે તૈયાર છે. ચેન્નાઈ સુપર કિંગ્સ બે વર્ષના પ્રતિબંધ આઈપીએલમાં મેદાનમાં ઉતરી છે. મહેન્દ્રસિંહ ધોનીના નેતૃત્વમાં ટીમનો જુસ્સો આસમાને છે. ધોનીના નેતૃત્વ વોટસન, બ્રાવો, રૈના હાલ ફોર્મમાં ચાલી રહ્યા હોવાથી ચેન્નાઈ સુપર હોટફેવરિટ ઉભરી રહી છે. જ્યારે સનરાઈઝ હેદરાબાદ ટીમ પણ આ સિઝન દરમિયાન સૌથી આગળ ચાલી રહી છે. કેન વિલિયમસનના નેતૃત્વમાં શિખર ધવન, અગ્રવાલ જેવા ખેલાડીઓ ફોર્મ દેખાઈ રહ્યા છે જેથી તે પણ મેચ જીતવા માટે પ્રબળ દેખાઈ રહી છે. આવતીકાલની મેચ પણ હાઈ સ્કોરિંગ બન શકે છે.આઈપીએલ-૧૧ની મેચો દસ શહેરોમાં રમાઈ હતી. તમામ મેચોમાં જોરદાર રોમાંચ જોવા મળ્યો હતો. ચોગ્ગા અને છગ્ગાની રમઝટ જોવા મળી હતી. કુલ ૬૦ ટ્વેન્ટી-૨૦ મેચો સમગ્ર ટૂર્નામેન્ટ દરમિયાન રમાઈ છે. આવતીકાલે રમાનારી મેચ આઈપીએલની ૬૦મી મેચ રહેશે. આઈપીએલ-૧૧માં ગુજરાતના અનેક ખેલાડી પણ રમ્યા હતા.

હાલમાં જ સ્ટાર સ્પોર્ટ્સ ઈન્ડિયાએ આગામી પાંચ વર્ષ માટે બીસીસીઆઈના મિડિયા અધિકાર ખરીદી લીધા હતા. ઈ હરાજી મારફતે સ્ટારે રેકોર્ડ ૬૧૩૮.૧ કરોડ રૂપિયાની મોટી બોલી લગાવીને બોર્ડના મિડિયા અધિકારો ઉપર કબજો જમાવી લીધો હતો. આ રેસમાં સ્ટાર ઉપરાંત સોની અને રિલાયન્સ ગ્રુપની કંપની જીઓ પણ સામેલ હતી. ૨૦૧૮થી ૨૦૨૩ના ગાળામાં રમાનારી મેચોનું પ્રસારણ સ્ટાર સ્પોર્ટ્સ ઈન્ડિયા દ્વારા કરાશે આ પહેર્લા ૨૦૧૨માં સ્ટાર ટીવીએ બીસીસીઆઈ પાસેથી અધિકાર ૩૮૫૧ કરોડ રૂપિયામાં બોલી લગાવીને ખરીદી લીધા હતા. આ પાંચ વર્ષમાં ટીમ વનડે, ટેસ્ટ અને ટ્વેન્ટી મેચ ગણીને ૧૦૨ મેચો રમશે. ઈન્ડિયન્સ પ્રિમિયર લીગમાં મેચો ખુબ રોમાંચક રહી છે. મેચને લઈને કોઈ પણ અનિચ્છનીય બનાવ ન બને તેની તૈયારી પણ રખાઈ છે. લીગ મેચની જેમ જ હવે પ્લે ઓફની મેચ રહી શકે છે.

## ત્રાસવાદી ઠાર

● અનુસંધાન પહેલાનું ચાલુ

જપ્ત કરવામાં આવ્યા છે.હાલમાં જ હેવાલો આવ્યા હતા કે હાલમાં એલઓસી પાર સાતથી વધુ ટ્રેનિંગ કેમ્પ ચાલી રહ્યા છે. લશ્કરે તોઈબા વૈશ્વિક આતંકવાદી સંગઠન તરીકે છે. ૨૦૧૭માં દુનિયાભરના જુદા જુદા ક્ષેત્રોમાંથી ૪૫૦થી વધુ યુવાનોની ભરતી કરવામાં આવી ચુકી છે. ભારત વિરોધી ઓપરેશન માટે તાલીમ આપવામાં આવી રહી છે. સંગઠનના બુરહાન વાનીના નામ પર ૧૫થી ૨૫ વર્ષના યુવાનોની ભરતી થઈ રહી છે. આ યુવાનોને હથિયાર ચલાવવા અને બ્લાસ્ટ કરવાની તાલીમ અપાઈ રહી છે. આતંકવાદી હમઝાની હાલમાં જ પુછપરછ કરવામાં આવ્યા બાદ કેટલીક ચોંકાવનારી વિગતો ખુલી છે. લશ્કરના ૨૦ વર્ષીય ત્રાસવાદી જેબુલ્લાહ ઉર્ફે હમઝાની એનઆઈએ દ્વારા પુછપરછ કરવામાં આવી છે. તેની સાતમી એપ્રિલના દિવસે કુપવારામાં ધરપકડ કરાઈ હતી. પોકમાં મુઝફ્ફરાબાદમાં સાત ટ્રેનિંગ કેમ્પ ચાલી રહ્યા છે. જમ્મુ કાશ્મીરમાં હાલમાં ઘુસણખોરીના પ્રયાસો પાકિસ્તાની

ત્રાસવાદીઓએ વધારી દીધા છે જે સંકેત આપે છે કે, આગામી દિવસોમાં મોટા ત્રાસવાદી હુમલા થઈ શકે છે. પ્રવક્તાનું કહેવું છે કે, આ વર્ષે ઘુસણખોરીના શ્રેણીબદ્ધ પ્રયાસોને ભારતીય સેનાએ નિષ્ફળ બનાવ્યા છે. ત્રાસવાદીઓ સતત હુમલા કરવાના ઈરાદા સાથે ઘુસણખોરી કરી રહ્યા છે.જમ્મુ કાશ્મીરમાં આ વર્ષે આંતરરાષ્ટ્રીય સરહદ અને અંકુશરેખા પર પાકિસ્તાન તરફથી અવિરત ગોળીબાર કરવામાં આવી રહ્યો છે. ગોળીબારની ઘટનાઓમાં વધારો થઈ રહ્યો છે. ગોળીબાર કરવા પાછળનો હેતુ પણ ત્રાસવાદીઓને ભારતમાં ઘુસાડી દેવાનો રહે છે. એકબાજુ ભારત સરકારે રમઝાનના પવિત્ર મહિનામાં ત્રાસવાદીઓ સામે ઓપરેશનને બંધ રાખવાનો નિર્ણય કર્યો છે ત્યારે સરહદ ઉપર પાકિસ્તાને તેની હરકતો જારી રાખી છે અને બિનઉશ્કેરણીજનકરીતે ગોળીબાર જારી રાખ્યો છે. અંકુશ રેખા અને આંતરરાષ્ટ્રીય સરહદ પર પાકિસ્તાની સેના દ્વારા જોરદાર ગોળીબાર હાલમાં જારી રાખ્યો છે. આ ગોળીબારમાં ૪૦થી વધારે લોકોના મોત પણ થયા છે. જેમાં સુરક્ષા જવાનોનો સમાવેશ થાય છે.

## પુનઃ હીટવેવ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગમરીથી રાહત મેળવવા નગરજનોએ અનેક ઉપાયો અજમાવ્યા હતા. વેકેશન હોવા છતાં શહેરીજનોએ પોતાના બાળકોને ઘરની બહાર ખુલ્લામાં રમતા અટકાવ્યા હતા. શ્રમજીવી વર્ગ સહિત સૌ કોઈએ બપોરના સમયે કામધંધામાં બ્રેક રાખી આરામ કરવાનું મુનાસિબ માન્યું હતું.